# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા આર્યા પ્રોજેક્ટ અંતર્ગત 'કાર્પ મત્સ્ય બીજનો ઉછેર' પરત્વે પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા એટ્રેક્ટીંગ એન્ડ રીટેઇનીંગ યુથ ઇન એગ્રીકલ્ચર (ARYA) પ્રોજેક્ટ અંતર્ગત "કાર્પ મત્સ્યબીજનો ઉછેર" વિષય પર અનિકેત ખેડૂત છત્રાલય, બોરસદ ચોકડી પાસે, આણંદ ખાતે તા. ૨૬ થી ૩૦ જુલાઇ, ૨૦૨૨ દરમ્યાન પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમનુ આયોજન માન.કુલપતિશ્રી, ડો. કે.બી.કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં ૨૦ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે કે.વિ.કે., દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. એ. સી. વૈદ્યે જણાવ્યુ હતું કે રાજ્યમાં મત્સ્ય ઉછેર માટે મત્સ્યબીજની માંગ ખૂબ જ રહે છે, જેના માટે અમુક જિલ્લા કે જગ્યાઓ પર જ આધાર રાખવો પડે છે. નાના અને મોસમી તળાવોમાં સ્પોનનો ઉછેર કરી સારી ગુણવત્તાના ફ્રાય કે ફીંગરલીંગનું ઉત્પાદન લઇ ગામ તળાવ, ડેમ કે પ્રાઇવેટ તળાવોની માંગ પુરી કરી શકાય છે. મત્સ્યબીજ ઉછેરના વ્યવસાય થકી મત્સ્યખેડૂતો, ગ્રામીણ યુવાનો-યુવતીઓ અને ઉદ્યોગસાહસિકો આત્મનિર્ભર બની સામાજીક અને આર્થિક વિકાસની સાથે સાથે રોજગારીની તકો ઉભી કરી શકે છે. વૈજ્ઞાનિક રીતે મત્સ્ય બીજના ઉછેર અને ઉત્પાદન અને તેને લગતી પ્રવૃતિઓનું યોગ્ય માર્ગદર્શન મેળવવા આ પ્રકારના તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેવો ખૂબ જરૂરી છે.

આ પાંચ દિવસય તાલીમમાં મત્સ્ય ઉછેર તળાવની રચના અને બાંધકામ, મત્સ્ય બિયારણનું ઉત્પાદન અને તેની ઉછેર પધ્ધતિઓ, મિશ્ર મત્સ્ય ઉછેર, ખોરાકનું વ્યવસ્થાપન, રોગનું વ્યવસ્થાપન તથા રાજ્ય સરકારની મત્સ્યઉછેર માટેની વિવિધ યોજનાઓ વગેરે વિષયો પર થીયરી તેમજ પ્રેકટીકલ દ્વારા સમજણ આપવામાં આવેલ. આ ઉપરાંત પ્રગતિશીલ મત્સ્યખેડૂતના તળાવ તેમજ લિંગડા ખાતે આવેલ સર્ક્યુલર કાર્પ હેચરીની મુલાકાત લેવામાં આવેલ હતી.

તાલીમના અંતે તાલીમાર્થીઓને સર્ટિફીકેટનુ વિતરણ કરવામાં આવેલ. સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ) કે.વિ.કે., આકૃયુ, દેવાતજ દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખી




Training programme for
Attracting and Retaining Youth in Agriculture
(ARYA Project) on
"Carp Seed Rearing"
આર્યા પ્રોજેકટ અંતર્ગત
"કાર્પ મત્સ્યબીજનું ઉછેર" પરત્વે તાલીમ કાર્યક્રમ
તા. ૨૬–30 જુલાઇ, ૨૦૨૨
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી,
દેવાતજ (સોજીત્રા), જિ. આણંદ, ગુજરાત – ૩૮૭૨૪૦
સ્થળ: અનિકેત ખેડૂત છાત્રાલય, બોરસદ ચોકડી, આ.કૃ.યુ., આણંદ







